# દાહોદમાં નવા પાક ખારેકની ખેતી વિષે ખેડૂત પરિસંવાદ યોજાયો

માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરીયા સાહેબ અને માન. પ્રાયોજના વહીવટદાર, દાહોદ શ્રી. સ્મિત લોઢા સાહેબના પ્રેરક માર્ગદર્શનથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનીવર્સીટી, દાહોદ અને બાગાયત વિભાગ, દાહોદના સંયુક્ત ઉપક્રમે તા. ૦૯.૦૭.૨૦૨૪નાં રોજ કેવિકે ખાતે ખારેક પાક પર ખેડૂત પરિસંવાદ યોજવામાં આવ્યો. સદર કાર્યક્રમમાં ડૉ. ઘનશ્યામ પાટીલ, વૈજ્ઞાનિક, ટીસ્યુકલ્ચર વિભાગ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદએ ખારેકની વૈજ્ઞાનિક ખેતી વિશે તેમના સંશોધનો અને અનુભવ સાથે ખેડૂતોને માર્ગદર્શિત કર્યા. વધુમાં તેમને ખેડૂતોને ખારેક પાકનાં વાવેતર કરવા ધ્યાનમાં રાખવા જેવા પગલાઓ વિષે ખેડૂતોને અવગત કર્યા. જ્યારે નાયબ બાગાયત નિયામક, દાહોદ ડૉ. એચ. બી. પારેખ સાહેબ દ્વારા બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી. વધુમાં તેમના પ્રયત્નોથી ખારેક પાકના વાવેતર માટે બાગાયત ખાતાની સહાય ઉપરાંત ટ્રાઇબલ યોજનામાંથી પણ સહાય આપી જિલ્લામાં ખારેકનું વાવેતર થાય તે માટે ઉમદા પ્રયત્નો હાથ ધરેલ. આ કાર્યક્રમમાં ડૉ. એચ. એલ. કાચા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાએ ખારેકની ખેતીમાં મૂલ્યવર્ધન વિષે વિગતવાર ખેડૂતો સાથે પરામર્શ કર્યો. ત્યારબાદ શ્રી સુનીલ શર્મા, લીડ બેંક મેનેજર, દાહોદએ બેન્કિંગ અને વિતરણ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે ખેડૂતોને રોકાણ અને કૃષિ ક્ષેત્રે વિવિધ બેન્કિંગ સેવાઓ વિશે માહિતી આપી. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. જી. કે. ભાભોર દ્વારા સુચારુ રીતે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કુલ ૬૭ ખેડૂતભાઈઓએ હાજર રહી અને ખારેક પાકના વાવેતર અંગેની અસમંજસને કૃષિ નિષ્ણાતો દ્વારા વૈજ્ઞાનિક ઢબે નિરાકરણ કરવા પ્રયત્નો કર્યા હતા. અંતે દાહોદ જીલ્લાના તમામ ખેડૂતોએ નવો પાક ખારેકનાં વાવેતર માટે તૈયારી બતાવી હતી અને આ પાક દાહોદ જીલ્લાના ખેડૂતો માટે ફળદાયી સાબિત થશે એવો ભરોસો વ્યક્ત કર્યો હતો.


બાગાયત ખાતુ, ગુજરાત રાજ્ય દ્વારા આયોજીત
"અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર"
એક દિવસીય તાલીમ
તારીખ : ૮/૭/૨૦૨૪


MILLETS
AAU
G20


MILLETS
2023
AAU
G20



